ગાંધીનગર સમાચાર

સોસાયટીઓમાં સીસીટીવી કેમેરા લગાડવા ફરજીયાત કરાશે

@ગાંધીનગર

● વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ-૨૦૧૬ પ્રદર્શન ઉદ્ઘાટન સમારોહ કોટેશઅવર સ્થિત સહજાનંદ ગુ.મા. અને ઉ.મા. શાળા ખાતે બપોરે ૩ કલાકે યોજાશે.

● આર્ટ ઑફ લિવિંગના ગાંધીનગર એકમ દ્વારા સેકટર-૧૧ મેઘમલ્હાર કોમ્પલેક્ષના બીજા માળે સવારે ૯.૧૫ કલાકે રુદ્ર પૂજા તથા સાંજે ૭ કલાકે સુદર્શનક્રિયા યોજાશે.

● ગાંધીનગર શહેરની સંસ્કૃતિ સંસ્થા દ્વારા 'રંગ રંગીલા ગુજ્જુભાઈ' નાટક, રાત્રે ૯.૧૫ કલાકે, સેક્ટર-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે

# રવિ પુષ્ય નક્ષત્રે શહેરમાં સોના-ચાંદીનો ૧૦ કરોડનો વેપાર

## ગત વર્ષ કરતા ભાવમાં વધારો હોવા છતાં ઘરાકી વધુ રહી : ગ્રાહકોએ ઘરેણાં અને સિક્કા બંનેની ખરીદીમાં સરખો ઉત્સાહ દર્શાવ્યો

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગરમાં આજે રવિ પુષ્ય નક્ષત્રમાં નગરજનોએ સોનુ, સોનાના આભૂષણો તથા સિક્કા ખરીદવા જ્વેલર્સની દુકાનોએ ભીડ જમાવી હતી. ગત વર્ષ કરતા આ વર્ષે સોનાના ભાવમાં અને ચાંદીના ભાવમાં વધારો હોવા છતાં ઘરાકી તેની સપેક્ષાએ વધુ રહી હોવાનું વેપારીઓનું માનવુ રહ્યું હતું. આજે શહેરમાં આશરે ૧૦ કરોડના સોના-ચાંદીની ખરીદીનો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે.

પુષ્ય નક્ષત્રમાં સોનુ કે ચાંદી ખરીદવી શુભ રહે છે. જે કુટુંબમાં એશ્વર્ય અને સમૃદ્ધિ લાવે છે તેવી એક પૌરાણિક માન્યતા પ્રવર્તે છે. આ કારણે જ્યારે જ્યારે પણ પુષ્ય નક્ષત્ર



હોય ત્યારે નગરજનો સોના-ચાંદીની નાની મોટી ખરીદી કરવાનું પસંદ કરે છે. સવારથી આજે શહેરના જ્વેલર્સની દુકાનો પર ઘરાકી જોવા મળી હતી. જે મોડી સાંજ સુધી રહેવા પામી હતી. એક અંદાજ મુજબ ગાંધીનગરમાં સોના-ચાંદીના ઘરેણાં અને સિક્કા સહિત આશરે રૂ. ૧૦ કરોડની આસપાસનો વેપાર થવા પામ્યો હતો. રવિ પુષ્ય નક્ષત્રનું મહત્વ ખૂબ હોવાથી શહેરમાં આ ઘરાકીનું પ્રમાણ ઊંચુ જોવા મળ્યું હતુ. વળી, દિવાળીનો તહેવાર માથે હોવાથી અને તે પછી આવી રહેલ લગ્નસરાની મૌસમના કારણે પણ ઘરાકી વધુ રહી હોવાનું જાણવા મળ્યું છે. એકંદરે આજનું રવિ પુષ્ય નક્ષત્ર ગાંધીનગરના સોનીઓ તથા જ્વેલર્સને સારૂ એવું ફળ્યું હતું.

''રવિ પુષ્ય નક્ષત્રએ સોના-ચાંદીની ખરીદી કરી ઘરે લાવવાથી ઘરમાં શાંતિ, એશ્વર્ય અને સમૃદ્ધિમાં વધારો થાય છે. ગત વર્ષ કરતા આ વર્ષે ભાવમાં થોડો વધારો હોવા છતાં ગ્રાહકોએ ગત સાલ કરતા વધુ ખરીદી કરી છે. વળી, ગ્રાહકોએ ઘરેણાં તથા સિક્કા બંનેની ખરીદીમાં એક સરખો પ્રતિભાવ આપ્યો છે જે આવકારદાયક બાબત છે.''

**- મેહુલભાઈ, રૂપકલા જ્વેલર્સ, સે. ૨૧**

●●●

''રવિ પુષ્ય નક્ષત્રમાં આ વર્ષે ઘરાકી એકંદરે યથાવત જોવા મળી છે, આ માટે સરકારી કર્મચારીઓના બોનસ-પગાર હજુ બાકી હોવાથી તેમ બન્યું હોય તેવું લાગે છે. આ વર્ષે માસની અંતિમ તારીખોમાં દિવાળી હોવાથી હજુ સરકારી કર્મચારીઓની ખરીદી આગામી દિવોસમાં જોવા મળશે.''

**- જગદીશભાઈ, મિનાક્ષી જ્વેલર્સ, ઘ-૫**

વાતવાતમાં

● શહેરમાં રાષ્ટ્રપતિના આગમનના પગલે ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલના તબીબો અને નર્સિંગ સ્ટાફ સાથેની કુલ ૫ ટીમો સતત ૩૦ કલાક સુધી ''સ્ટેન્ડ ટુ'' રહી હતી અને રાષ્ટ્રપતિના દિલ્હી જવા રવાના થયા બાદ જ તેમણે હાશકારો લીધો હતો.

● ગાંધીનગરમાં રવિવારે પોલીસ કોન્સ્ટેબલની લેખિત પરીક્ષાઓ યોજાઈ હોવાથી બહારગામથી મોટી સંખ્યામાં આવેલા ઉમેદવારો શહેરના માર્ગો પર પોતાના કેન્દ્રની શૈક્ષણિક સંસ્થાનું સરનામુ પુછતા નજરે ચઢ્યા હતા. બપોરના સમયે પરીક્ષા પત્યા બાદ આ ઉમેદવારોએ ચા-નાસ્તાની લારીઓ પર ભીડ જમાવી હતી.

● રાષ્ટ્રપતિના હેલિકોપ્ટરમાં યાંત્રિક ખામી સર્જાવાને કારણે તેઓ નિયત સમય કરતા ઘણા મોડા પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિને કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરવાનો હોવાથી તમામ વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી રાષ્ટ્રપતિની રાહ જોવી પડી હતી.

● શહેરમાં દિવાળી પૂર્વેના છેલ્લા રવિવારે બાળકો માટે ફટાકડા તથા કપડાં વગેરેની ખરીદી કરવા દુકાનોમાં ભીડ જમાવી હતી. જો કે સરકારી કર્મચારીઓના હજુ બોનસ રિલીઝ ના થયા હોવાથી જોઈએ તેટલી ઘરાકી ખુલી નથી તેવો વેપારીઓએ અફસોસ વ્યક્ત કર્યો હતો.

# લુંટેરી દુલ્હન ગેંગ માટે તો એક બ્લફ ગેમ હતી, પરંતુ સંવેદનશીલ યુવાને આ ગેમમાં પોતાનો જીવ ગુમાવ્યો

**લુંટેરી દુલ્હનની ફરિયાદ આપીને નિકફેલા પાલજનાં યુવાનને એટેક આવી ગયો..!! : બે મહિના પહેલા ડભોઇની યુવતીએ પતિ અને અન્ય બે શખ્સો સાથે મફીને લગ્નની યુવાનને લાલચ આપી ફુલેકુ ફેરવ્યુ હતુ : ત્રણની ધરપકડ બાદ છુટકારો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર નજીક આવેલા પાલજ ગામનાં યુવાને બે માસ પહેલા ડભોઈની એક યુવતી સાથે ભારતિય સંસ્કૃતિ અને પરંપરા મુજબ લગ્ન કરવાની બંને પક્ષે મંજુરી મળ્યા બાદ તૈયારીઓ શરુ કરી હતી. કંકોત્રીઓ વહેંચાઈ ગઈ અને મંડપનાં ઓર્ડર આપી દેવાયા ઉપરાંત ઘરેણા પણ ખરીદાઈ ગયા અને છેલ્લા બે દિવસ બાકી હતા ત્યારે તે યુવતીએ રુ.૨૭ હજારનુ ફુલેકુ ફેરવી નાંખ્યુ અને લગ્નની ના પાડી રફ્ફુચક્કર થઈ ગઈ હતી.

આ ઘટના બાદ લુંટેરી દુલ્હનનો ભોગ બનેલા નવા પાલજનાં યુવાન રાકેશ યોગેશભાઈ ત્રીવેદીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપી પણ ચિલોડા પોલીસે માત્ર અરજી લઈને તપાસ શરુ કરી હતી. બે દિવસ પહેલા આ લુંટેરી દુલ્હન તથા તેના પતિ ઉપરાંત ગુનામાં મદદગારી કરનાર અન્ય બે શખ્સોને પોલીસ પકડી લાવી હતી. ભોગ બનનાર યુવાનને પોલીસે ફરિયાદ આપવા ચિલોડા પોલીસ સ્ટેશનમાં બોલાવ્યો અને ફરિયાદ નોંધી હતી. આ દિવસે ભોગ બનનાર યુવાન રાકેશને ફરી જુની ઘટના ફ્લેશબેક થઈ અને આઘાતમાં સરી પડ્યો હતો. ફરિયાદ આપીને પોલીસ સ્ટેશનથી ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં જ તેને હાર્ટએટેક આવી ગયો અને રાકેશનું પ્રાણ પંખેરુ ઉડી ગયુ હોવાની હ્રદયદ્રાવક ઘટના બનવા પામી હતી. આરોપીઓ સંગીતા રાજેશ પટેલ, રશીદ દાઉદ ઘાંચી, રાજેશ મફત પટેલ અને ઠાકોર ઉર્ફે જીણા સામે ગુનો દાખલ થયો અને આરોપીઓની ધરપકડ બાદ છુટકારો પણ થઈ ગયો. આ લુંટેરી દુલ્હન ગેંગ માટે તો આ એક બ્લફ ગેમ હતી પરંતુ નવા પાલજનાં સંવેદનશીલ યુવાન રાકેશે આ બ્લફ ગેમમાં પોતાનો જીવ ગુમાવ્યો છે.

## ઓળા ગામના પિડીત પરિવારે ન્યાય માટે સામાજીક અધિકારીતા વિભાગના મંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે છેલ્લા એકમાસથી વધુના સમયથી કલોલ તાલુકાના ઓળા ગામનો પિડીત પરીવાર ન્યાયની માંગ સાથે ઉપવાસ પર બેઠો છે. છતા આજદિન સુધી કોઈ નિરાકરણ ના આવતા પિડીત પરિવારે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામ પરમારને આવેદનપત્ર પાઠવી ન્યાય માટે રજુઆત કરી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ઓળા ગામના રાજવી બિન્દેશ કુમાર કાળીદાસ રહે. સજાવટ પાર્ટી પ્લોટની પાછળ સરકારી હુડકા ખાતે વસવાટ કરે છે. આ યુવાને દારુ-જુગારની બદી સામે વિરોધ નોંધાવતા અસામાજીક તત્વોએ હુમલો કરતા પરિવાર હિજરત કરીને ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય અંગે લડત ચલાવી રહ્યો છે.

# સોસાયટીઓમાં સીસીટીવી કેમેરા લગાડવા ફરજીયાત કરાશે

## જાન-માલની સલામતિનાં કારણોસર જાહેરનામામાં ફેરફાર કરવા પોલીસ કક્ષાએથી અનુરોધ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેર તથા આસપાસનાં વિસ્તારોમાં તાજેતરમાં ખુબ મોટી મોટી સોસાયટીઓ ઉભી થઈ છે. તેની સામે આ સોસાયટીઓમાં ચોરી, લુંટ અને મર્ડર જેવા બનાવો પણ વધવા લાગ્યા છે. સુરક્ષા અને સલામતિનાં કારણોસર રહેણાંક સોસાયટીઓ તથા ફ્લેટોમાં સીસીટીવી કેમેરા લગાડવા ફરજીયાત કરવા સંદર્ભે વિચારણા કરીને જાહેરનામામાં ફેરફાર કરવામાં આવે તેવો પોલીસ કક્ષાએથી જીલ્લા કલેકટરને અનુરોધ કરવામાં આવ્યો છે. જાહેરનામામાં સુધારો કરવામાં આવશે ત્યાર બાદ સોસાયટીઓ તથા ફ્લેટોમાં પણ કેમેરા લગાડવા ફરજીયાત કરવામાં આવશે અને કેમેરા ન લગાડનાર બિલ્ડર કે સોસાયટીની સંચાલક સમિતીના સભ્યો સામે પણ ગુનો દાખલ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર તથા ન્યુ ગાંધીનગર વિસ્તારની સોસાયટીઓ-ફ્લેટોમાં ગુનાખોરીનું પ્રમાણ વધતા સલામતિનાં દ્રષ્ટીકોણથી સીસીટીવી કેમેરા લગાડવા હિતાવહ સાબિત થયા છે. કેમેરાને પગલે ગુનેગારો પકડાઈ જવાનાં ડરે સોસાયટીઓમાં પગ મુકતા ગભરાય છે. તો બીજી તરફ જો હિંમત કરીને ગુનેગારો પ્રવેશ કરી પણ લે તો તેના સુધી પહોંચવામાં પોલીસને સીસીટીવી ખુબ મદદરુપ કડી પુરી પાડી આપે છે. લાખો-કરોડોની કિંમતનાં મકાનો વેચતા બિલ્ડરોને પણ સીસીટીવી કેમેરા પોતાની સ્કીમમાં ફરજીયાત મુકવા સુચના આપવામાં આવશે. તો બીજી તરફ જે સોસાયટીઓ વેચાઇ ચુકી છે તેમા સોસાયટીનું સંચાલન કરતા કારોબારી સભ્યો કેમેરા લગડે તેવો અનુરોધ પોલીસે કર્યો છે. તે ઉપરાંત ફ્લેટો તથા સોસાયટીઓમાં સીસીટીવી કેમેરા ફરજીયાત લગાડવા જાહેરનામામાં ઉમેરો કરવા પોલીસ કક્ષાએથી કલેક્ટરને પણ અનુરોધ કરવામાં આવ્યો છે. હવે જાહેરનામામાં રહેણાંક વિસ્તારોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત કરતો સુધારો કર્યા બાદ તેને પ્રસિધ્ધ કરવામાં આવશે તો ત્યાર બાદ સોસાયટી સંચાલક સમિતી તથા બિલ્ડરો સામે પણ પોલીસ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી કરશે.

# શરીરમાં યંત્રો સાથે જીવતા યુવાનના ચહેરે મુસ્કાનના દીવા ઝળહળે છે

## બંને કિડની ફેઈલ હોવાથી દિવસમાં ચાર વાર જાતે ડાયાલીસીસ કરે છે : બાળપણમાં થયેલ ડાયાબીટીશે જીંદગીના તમામ તહેવાર છીનવી લીધા પરંતુ તેની જીવનને ''જીવવા'' કળા છીનવી ના શક્યો

ગાંધીનગર, તા. ૨૩



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

દિવાળી એટલે ઉત્સાહ અને નવસર્જનનો તહેવાર. દિવાળીમાં યુવાનો ફટાકડા ફોડવાનો આનંદ ઉઠાવે, બાળકો મામાના ઘરે વેકેશનમાં ફરવા જાય, પરિવાર સાથે બધા બહારગામ ફરવા જાય, સૌ કોઈ મનભરીને મિઠાઈ આરોગે, એકબીજાને મળે, આનંદ કરે, કિલ્લોલ કરે. જો કે ગાંધીનગરમાં એક યુવાન એવો પણ છે જે ભર યુવાનીમાં દિવાળીના તહેવારમાં નથી ફટાકડા ફોડી શકતો કે નથી બીજા કોઈને તે ફોડતા જોઈ શકતો, તે ફરવા માટે બહારગામ નથી જઈ શકતો કે નથી કોઈ પણ મિઠાઈ આરોગી શકતો. દિવાળી એટલે તેના માટે માત્ર ઘરમાં પુરાઈ રહેવાનો તહેવાર બનીને રહી ગયો છે. કારણ કે આ યુવાનને બંને કિડની કાર્યરત નથી અને સાથે ડાયાબીટીશ અને બીપીની પણ બિમારી છે. જેના કારણે સતત મા-બાપના માર્ગદર્શનમાં જ રહેવા સિવાય છુટકો નથી.

માત્ર દિવાળી જ નહી આ યુવાન પોતાનો પ્રિય તહેવાર ઉત્તરાયણ પણ હવે ઉજવી શકતો નથી. દેખાવે સામાન્ય જણાતો આ યુવાન બંને કિડની ફેઈલ હોવા છતાં સીએપીડી સિસ્ટમથી જાતે જ દરરોજ દિવસમાં ચાર વાર ડાયાલીસીસ કરી એવો મોજથી જીવી રહ્યો છે કે તેને જોઈ કોઈને ખબર સુદ્ધાં ના પડે કે આ વ્યક્તિ પોતાના શરીરમાં બે બે તબીબી મશીનરી સાથે તેમની સામે ઉભો છે. સેક્ટર-૫માં રહેતા એક નિવૃત્ત સરકારી કર્મચારી દુષ્યંતકુમાર પંડ્યાનો દિકરા ભાવેશને જ્યારે વર્ષ ૧૯૯૧માં માંડ બીજા ધોરણમાં હતો



ત્યારે અચાનક શરીરમાં ખેંચ આવવી, સતત પેટમાં દુઃખવું જેવી તકલીફો ચાલુ થઈ હતી. પિતા તેને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા પરંતુ અહીં તે દિવસે બાળકોના તબીબે રાજીનામુ આપ્યુ હોવાથી ભાવેશને અમદાવાદ વી.એસ. હોસ્પિટલમાં લઈ જવો પડ્યો જ્યાં તેને બાળકોને થતા ડાયાબીટીશ ટાઈપ-૧નું નિદાન થયું હતું. પછી તો શાળાએ જતા ભાવેશને અચાનક સુગર વધ-ઘટ થાય તો તુરંત સારવારની તકેદારી રાખવી પડતી. ખિસ્સામાં હંમેશા ચોકલેટ સાથે જતો જેથી સુગર ઘટે તો તુરંત ખાઈ લેવાય અને જો વધી જાય તો શિક્ષકો તુરંત જ એના ઘરે જાણ કરી દેતા જેથી ઝડપથી ઈન્સ્યુલીનનું ઈન્જેક્શન આપી શકાય.

આમને આમ તેણે શાળાકીય અભ્યાસ પુરો કર્યો. શાળામાં તે હેન્ડબૉલની રમત પણ સારી રીતે રમતો પરંતુ ફિટનેસ સર્ટિફિકેટ મળી શકતુ ના હોવાને કારણે ક્યારેય તે કોઈ સ્પર્ધા કે ટૂર્નામેન્ટમાં ભાગ ના લઈ શક્યો. શાળાકીય અભ્યાસ પત્યા બાદ તેણે મહારાષ્ટ્ર હિન્દી યુનિવર્સિટીમાં કોરસ્પોન્ડસ કોર્ષ સાથે હિન્દી વિષયમાં ગ્રેજ્યુએશન કર્યું. શાળાકીય અભ્યાસ દરમ્યાન જ તેને બાય પ્રોડક્ટ તરીકે બીપીની તકલીફ પણ ચાલુ થઈ ગઈ હતી. હવે ધીમે ધીમે તેની કિડનીઓએ પણ કામ કરવાનું બંધ કર્યું જેના કારણે શરીરે સોજા આવી જવા, ચક્કર આવવા, ઝાડા-ઉલ્ટી થઈ જવા જેવી તકલીફો થવા લાગી. ફરીથી તેને વીએસ હોસ્પિટલમાં સતત આઠ માસની હોમોડાયાલીસીસની સારવાર આપવી પડી. આ સારવાર

બાદ તેને શરીરમાં જમણા હાથે બીપી કન્ટ્રોલમાં રહે તે માટે ''ફિશુલા સ્ટડ'' ફીટ કરવામાં આવ્યું. આ મશીનના કારણે તેને આંચકો ના આવે તે માટે હાથને ખૂબ સાચવવો પડે છે. હવે તેને સીએપીડી સિસ્ટમથી ડાયાલીસીસ કરવાનું હોઈ પેટમાં પણ તેનું યંત્ર બેસાડવામાં આવ્યું છે. જેની એક પાઈપનો છેડો શરીરની બહાર રહે જેના દ્વારા તેણે દિવસમાં દર પાંચ કલાકે ચાર વાર બે લીટર પેરાટોનિયલ સોલ્યુશન લેવાનું હોય છે. આ સમગ્ર સારવારનો ખર્ચ દરરોજનો બે થી અઢી હજાર આવે છે. જે મહિને કુલ ૬૫ હજાર સુધી પહોંચી જાય છે. અત્યાર સુધીનો એના પિતાને સરકારી ધારાધોરણ મુજબ આશ્રિત બાળકની સારવાર પેટે ખર્ચમાં સહાય મળતી હતી પરંતુ તેની ઉંમર ૨૫ વર્ષથી ઉપર થી જતા સરકારી નિયમ મુજબ હવે તે આશ્રિત ગણાતો નથી તેથી સહાય મળતી બંધ થઈ ગઈ છે. અત્યારે તેની ઉંમર ૩૧ વર્ષની છે. પરંતુ આ બિમારીઓ તથઆ શરીરમાં લગાડાયેલા યંત્રોના કારણે તે કોઈ પ્રકારની નોકરી કે વ્યવસાય કરવા



સક્ષમ નથી તેથી આમ તો આશ્રિત જ છે. જો સરકાર તેને ''સ્પેશ્યલ કેસ'' ગણી માન્ય રાખએ તો મેડીકલ સહાયનો લાભ તેને મળી શકે તેમ છે. હાલ તો ભાવેશ ઘરના નાના નાના કામમાં મદદ કરે છે, લાઈટબીલ-ગેસબીલ ભરવા જાય છે, ઓટોઈગ્નિશન સાથેનું સ્કૂટર પણ ચલાવે છે. પરંતુ કોઈપણ પ્રકારનું વજન ઉંચકી નથી શકતો. દિવસમાં દર પાંચ કલાકે ચાર વાર જાતે ડાયાલીસીસ કરવુ પડે તેથી ઘરમાં દવાઓ અને તેના સાધનોનું ગોડાઉન ભર્યુ હોય તેમ થપ્પા લગાડાયેલા હોય છે.

એકવાર ડાયાલીસીસ કરવામાં ૩૫ થી ૪૦ મિનિટ લાગે છે. અને જો સમયસર ના થાય તો તુરંત શરીરે સોજા આવવા લાગે છે. ટુંકમાં હાલ તેની જીંદગી કિડનીની તેના શરીરમાં જે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે તેના આધારે જ ચાલી રહી છે. આ સાથે તેણે નિયમિત ''આલ્બ્યુનિન''નું ઈંજકેશન લેવુ પડે છે જે સિવિલ હોસ્પિટલમાં પણ ઘણીવાર નથી મળતુ તેથી ઊંચા ભાવે બહારથી ખરીદવુ પડે છે. આમ શરીરમાં યંત્રો સાથે જીવતો આ યુવાન દિવાળીના દિવસોમાં ભલે મોંઢે માસ્ક બાંધી ઘરમા પુરાઈ રહે છે, પરંતુ બાકીના દિવસોમાં જીંદગીને સતત પડકારતો હોય તેમ ચહેરા પર મુસ્કાન સાથે રોજીંદા કાર્યો કરે છે. તેને જોઈ ભલભલા નાસીપાસ થયેલાને પણ હિંમત જરૂર આવી જાય.

**પ્રતિભાવો આવકાર્ય :**

Samirtalod@yahoo.com

# ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશનની કારોબારી સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. આ બેઠકમાં વરિષ્ઠ સભ્યોનું સન્માન તેમજ એસોસિએશનના સભ્યો માટે સ્નેહમિલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધોળકાના દલિત પરિવારોના ન્યાય અંગે રાજય માનવ હક્ક આયોગને આગામી સમયમાં રજુઆત કરવામાં આવશે.

ગાંધીનગર ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિની બેઠક તાજેતરમાં ભાનુકાન્ત પરમારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જયારે વરિષ્ઠ સભ્યોનું સન્માન કરવાનો કાર્યક્રમ પ્રવીણ ગઢવી (રીટા. આઈએએસ)ના વિશેષ પદે યોજાયો હતો. તા.૧૮ના રોજ ધોળકા તાલુકાના દલિત સભ્યોએ વર્ષો જુની જમીન ફાળવણીનો પ્રત્યક્ષ કબ્જો આપવા અમદાવાદ જિલ્લા કલેકટર સમક્ષ રજુઆત કરવા ગયા હતા. તે સમયે તેઓની અટકાયત કરવા પોલીસે બળ વાપર્યું હતું તેવો આક્ષેપ દલિત પરિવારના સભ્યો તેમજ ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશને કર્યો છે.

તે ઉપરાંત મહિલા પોલીસની જગ્યાએ પોલીસ કર્મચારીઓએ રજુઆતકર્તાઓને ઘસેડી લઈ જઈને અટકાયત કરી હતી.જયારે અન્ય સ્થળે મહિલા પોલીસ દેખાવકારીઓ માટે મહિલા પોલીસને કામગીરી સોંપવામાં આવે છે. તંત્રની આ બેધારી નિતિ સામે રાજય માનવહકક આયોગને ટુંક સમયમાં રજુઆત કરવાનું ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા નક્કી કરવામાં આવ્યું છે. તેમ એસોસિએશનના મહામંત્રી વિરચંદભાઈ પરમારે જણાવ્યું છે.

# ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેટ દ્વારા આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૩

'શરિયત કા કાનૂન કયામત તક કોઈ નહિ બદલ શકતા' દેશનાં બંધારણ મુજબ અમારા ધર્મનું પાલન અમે તોનો પ્રચાર-પ્રસાર કરવાનો અધિકાર. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા તા.૨૧ના રોજ ટ્રીપલ તલાક મુદ્દે ગાંધીનગર કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

કોંગ્રેસ માયનોરિટી ડિપાર્ટમેન્ટના ચેરમેન હિંમતભાઈ મેકવાનના જણાવ્યા મુજબ ટ્રીપલ તલાક મુદ્દે કેન્દ્ર સરકારે કરેલી દખલીગીરને લઈને ચારેબાજુથી લઘુમતિ સમાજ દ્વારા તેનો ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. કેન્દ્ર સરકારે મુસ્લિમ પર્સનલ લૉમાં હસ્તક્ષેપ કરી શરિયતના કાનૂનમાં ફેરફારની હિલચાલ આદરતા દેશભરના મુસ્લિમોમાં ઉગ્ર વિરોધ ઊઠી રહ્યો છે. જેના ભાગરૂપે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ માયરોનિરીટી ડિપાર્ટમેન્ટ દ્વારા આજરોજ ગાંધીનગર કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● સ્વ. શશીકાન્ત વિનોદચંદ્ર દવે, ઉ.વ.૬૫